ગુંજન, વાપી



# વલસાડમાં 1968ની રેલ પણ ભુલાઈ ગઈ

**એનડીઆરએફની** ટીમે બોટ દ્વારા બચાવ કામગીરી શરૂ કરી

**12754** લોકોને સલામત સ્થળે ખસેડાયા, 352ને બચાવાયા

વલસાડઃ વલસાડમાં પડેલા ભારે વરસાદના કારમેસોસાયટીમાં પાર્ક કરાયેલી અનેક કારો પાણીમાં તણાઈ ગઈ હતી.ઉમરગામ વિસ્તારમાં પણ અનેક સોસાયટીઓ તેમજ રેલવે અન્ડરપાસોમાં પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. બીજી તરફ ધરમપુર અને કપરાડા તાલુકામાં નદીઓમાં આવેલા ધસમસતા પ્રવાહના કારણે અનેક રસ્તાઓ બંધ થઈ ગયા હતા. અનેક નાના પુલો અને ખનકાઓ પાણીમાં ગરકાવ થતાં આંતરિક વિસ્તારોનો સંપર્ક તૂટી ગયો હતો.હનુમાન ભાગડા ગામમાં પરિસ્થિતિ અત્યંત ગંભીર બની હતી. આખું ગામ પાણીમાં ગરકાવ થઈ જતાં અનેક ઘરોમાં છત સુધી પાણી પહોંચી ગયું હતું. અનેક પરિવારો જીવ બચાવવા માટે ઘરના છાપરા પર ચઢી ગયા હતા, જ્યારે કેટલાક લોકોએ છાપરાં તોડીને ઉપર આશરો લેવો પડ્યો હતો. ભાગડાવડા ગામ સહિત અન્ય નીચાણવાળા વિસ્તારોમાં પણ પાણી ઘૂસી જતાં લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.પૂરની વિકટ સ્થિતિ વચ્ચે બચાવ કામગીરી માટે એનડીઆરએફની મર્યાદિત ટીમ અને ઓછી સંખ્યામાં ઉપલબ્ધ બોટોના કારણે અનેક વિસ્તારોમાં રાહત કામગીરી ધીમી રહી હતી. એક જ બોટને અલગ-અલગ સ્થળે બોલાવવા માટે લોકો મથામણ કરતા રહ્યા હતા, જેના કારણે અનેક પરિવારો લાંબા સમય સુધી મદદની રાહ જોતા રહ્યા.પૂરની ગંભીર સ્થિતિ દરમિયાન જ જિલ્લા ડિઝાસ્ટર (ફ્લડ કંટ્રોલ) રૂમના ફોન બંધ થઈ જવાના અને અનેક અધિકારીઓનો સંપર્ક ન થતાં લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. હાલની સ્થિતિ જોતા વર્ષ 2026નું આ પૂર વલસાડ જિલ્લાના ઈતિહાસમાં સૌથી ગંભીર કુદરતી આફતોમાંની એક તરીકે યાદ રહેશે.

## ટ્રેન વ્યવહાર ખોરવાતાં વલસાડની તમામ હોટેલો ફુલ

વલસાડમાં પડેલા ભારે વરસાદના કારણે બે દિવસથી ટ્રેન વ્યવહાર ઠપ્પ થયો છે. ખાસ કરીને મુંબઇ તરફ જતી ટ્રેનો બુધવારે પણ અટકી ગઇ હતી અને ગુરુવારે પણ ભારે વરસાદના કારણે જઇ શકી ન હતી. જેના કારણે અનેક મુસાફરો વલસાડ રેલવે સ્ટેશને અટવાઇ પડ્યા હતા. જેઓ વલસાડની હોટેલોમાં શરણ લેવા પહોંચ્યા હતા. જેના પગલે વલસાડ શહેરની તેમજ આજુ બાજુની તમામ હોટેલો ફૂલ થઇ ગઇ હતી. અનેક હોટેલ સંચાલકોએ સ્પેશ્યલ રૂમને ડોરમેટરી બનાવી દીધા હતા. તેમ છતાં અનેક મુસાફરો રહેઠાણ માટે ફાંફા મારતા જોવા મળ્યા હતા. કેટલાય મુસાફરોને હોટેલના રૂમ ન મળતાં તેઓ પ્લેટફોર્મ પર જ અટવાઇ પડ્યા હતા.

વલસાડનો આકાસી નજારો



### આ વિસ્તારોમાં પાણી ભરાયા

છીપવાડ - તરિયાવાડ
ગુંજન- ટુકવાડા
અવધ યુટોપિયા
હનુમાન ભાગડા

# દમણમાં 24 કલાકમાં 21.37 ઇંચ, મોબાઇલ ટાવર પણ બંધ થઈ ગયા

**સમગ્રપ્રદેશના** રસ્તા ફેરવાયા બેટમાં, લોકોનાં ઘરો, દુકાનોમાં ફરી વળ્યા પાણી

**લાઈફગાર્ડ** બોટ દ્વારા લોકોનું કરાયું રેસ્ક્યુ, મોટી દમણમાં બે વ્યક્તિને કરંટ લાગ્યો




દમણ : સંઘપ્રદેશ દમણમાં ગુરૂવારના રોજ પણ અવિરત મુશળધાર વરસાદ વરસતા સમગ્ર શહેર જળબંબાકારમાં ફેરવાઈ જવા પામ્યું હતું. મોડી રાતથી જ વરસી રહેલા ભારે વરસાદના કારણે અનેક મકાનોમાં પાણી ઘૂસી ગયા હતાં. બીજી તરફ બંગલો અને એપોર્ટમેન્ટના પાર્કિંગમાં મુકેલા વાહનો પણ પાણીમાં ગરક થઈ જતાં મોટા નુક્શાનની ભીતિ સેવાઈ રહી છે. ઉપરવાસમાં પડે રહેલા ભારે વરસાદને પગલે મધુબન ડેમમાંથી છોડવામાં આવેલા પાણીને લઈને આજે દમણગંગા નદી અને કોલક નદી ભારે ઉફાન સાથે રોદ્ર સ્વરૂપમાં વહેતી જોવા મળી હતી. જેના કારણે પાતલિયા પૂલની બન્ને બાજુએથી નદીનું પાણી વહેતું જોતા જ તુરંત સુરક્ષાની દ્રષ્ટિએ પુલ પરથી અવર જવરને બંધ કરાવામાં આવતા ઉદવાડા સહિતના અન્ય ગામડાઓનો સંપર્ક ખોરવાઈ ગયો હતો. કલેક્ટર સૌરભ મિશ્રા સહિતનો વહીવટી તંત્ર ફાયર વિભાગની ટીમ સાથે નીચાણવાળા વિસ્તારોમાં જઈ પાણીમાં ફસાયેલા અમુક લોકોને લાઈફ બોટના સહારે રાહત અને બચાવની કામગિરી હાથ ધરી તેમને આશ્રય સ્થાને લઈ જવામાં આવ્યા હતા. બીજી તરફ વહેલી સવારે મોટી દમણમાં બે વ્યક્તિઓને વીજ કરંટ લાગતા તેમને ગંભીર સ્થિતિ સાથે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળ્યું હતું. અવિરત ભારે વરસાદ વરસતા સવારથી જ પ્રદેશનો વીજ પ્રવાહ પણ ખોરવાઈ જતાં લોકોએ આખો દિવસ વિજળી વગર અંધારામાં ગુજરાવો પડ્યો હતો. સાથે અમુક કંપનીના મોબાઈલ ટાવરનું સંચાલન પણ ખોરવાઈ જતાં મોટાભાગના તમામ લોકોના મોબાઈલ ફોન સિગ્નલ કાર્ય ન કરતા સંચાર વ્યવસ્થા ખોરવાતા ભારે હાલાકી સર્જાય હતી. દમણમાં 24 કલાક દરમ્યાન અધધ 21.37 ઈંચ વરસાદ ખાબકવા પામ્યો છે.

### દમણના આ વિસ્તાર પાણીમાં ગરક

ખારીવાડ - બસ ડેપો
એરપોર્ટ રોડ - દેવકા રોડ
વરકુંડ - મોટી દમણ
ડાભેલ - પાતલિયા

# કપરાડાના ટીસ્કરી જંગલમાં માટી ધસી પડતાં એક મહિલાનું મોત

**લીખવડ** ગામમાં પણ માટી ધસી પડતાં ચેપા ગામના એક પરિવારનું સ્થળાંતર કરાયું

વલસાડઃ કપરાડા તાલુકામાં ભારે વરસાદના પગલે ટીસ્કરી જંગલ ગામમાં ડુંગર પરથી માટી ધસી પડવાને કારણે એક મહિલાનું મોત થયું હતું.જયારે એક મહિલાને ઈજા થતા વલસાડની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. સૂત્રો અને ફલડ કંટ્રોલના જણાવ્યા મુજબ તાલુકાના તિસ્કરી જંગલ ગામે કોસીમપાડા ફળિયામાં ડુંગર પરથી માટી ધસી પડતા 55 વર્ષીય લાડકીબેન સીતાભાઈ થોટગા દબાઈ જવાને કારણે મોતને ભેટ્યા હતા. જ્યારે તેમની સાથે ફૂલીબેન દિનેશભાઈ બાતરીને પગમાં ઈજા થતા સારવાર અર્થે વલસાડની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઉપરાંત કપરાડાના લીખવડ ગામ ખાતે પણ ડુંગરની માટી ધસી પડવાનો બનાવ બન્યો હતો. જ્યાં માટી ધસી પડી હતી ત્યાં ખનકી પસાર થતી હતી. જેની બાજુમાં જ ચેપા ગામ આવેલું છે જ્યાં ખનકીની બાજુમાં રહેતા એક પરિવારનું સ્થાનિક તંત્ર દ્વારા તાત્કાલિક સ્થળાંતર કરવામાં આવ્યું હતું.

# સેલવાસમાં 24 કલાકમાં ૨૮ ઇંચ વરસાદથી ઠેર ઠેર પાણી

વાપીઃ સંઘપ્રદેશ સેલવાસમાં છેલ્લા ચોવીસ કલાકમાં ૨૯ ઈંચ જેવો વરસાદ પડતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. ૨૨ તારીખે આઠ વાગ્યાથી ૨૩ તારીખે આઠ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં સેલવાસમાં ૭૪૦.૨ મીમી એટલે કે ૨૯.૧૪ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જયારે ખાનવેલમાં ૬૬૧.૪ મીમી એટલે કે ૨૬.૦૪ ઈંચ વરસાદ નોંધાયો હતો.

# વણારસી ગામે પતરાંવાળી આખી દુકાન તણાઇ ગઇ

વાંસદાઃ વાંસદા તાલુકાના વણારસી ગામે વાંસદા-વણારસીને જોડતા લો-લેવલ પુલની બાજુમાં એક સ્થાનિક દ્વારા પતરાં વડે બનાવેલી કાચી દુકાનમાં વેફર, બિસ્કિટ સહિતની જનરલ વસ્તુઓનું વેચાણ કરીને રોજગારી મેળવવામાં આવતી હતી. પરંતુ છેલ્લા બે દિવસથી પડેલા અતિભારે વરસાદના કારણે નદીનું જળસ્તર અચાનક વધી જતાં દુકાન સંપૂર્ણપણે નદીના પ્રચંડ વહેણમાં તણાઈ ગઈ હતી. આ ઘટનામાં દુકાનમાં રહેલો મોટાભાગનો માલસામાન પણ પાણીમાં વહી જતાં સ્થાનિકને આર્થિક નુકસાન થયું છે.



ભાવસાર મહોલ્લો, વલસાડ



# પારડીના કલસર દમણ તરફ જતા માર્ગ પર અનેક વાહનો પાણીમાં

**પારડીના** આમળી ગામે ધસમસતા પાણીના પ્રવાહ વચ્ચે ચંદ્રપુર લાઇફ સેવર ટીમે ૧૩ લોકોને સહીસલામત બહાર કાઢ્યા

**નીચાણવાળા** વિસ્તારોમાં ઠેર ઠેર પાણી ભરાઈ જતાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી

**પારડી** શાકભાજી માર્કેટ, મચ્છી માર્કેટ, શિવનગર, રાણા સ્ટ્રીટ, સ્વાતિ કોલોની પોણિયા વિસ્તારમાં પાણી ભરાયા

પારડી : પારડી શહેરમાં અતિભારે મેઘરાજા નો રુદ્ર સ્વરૂપ ને લઈ ભારે વરસાદ ના કારણે નીચાણવાળા વિસ્તારોમાં ઠેર-ઠેર પાણી ભરાઈ જતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને જતાં પારડી શાકભાજી માર્કેટ, મચ્છી માર્કેટ, શિવનગર, રાણા સ્ટ્રીટ, સ્વાતિ કોલોની પોણિયા વિસ્તારના પાણી ભરાઈ જતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.જ્યારે પારડીના આમળી ગામે ધસમસતા પાણીના પ્રવાહ વચ્ચે ચંદ્રપૂર લાઈફ સેવર ટીમે ૧૩ લોકોને સહીસલામત બહાર કાઢ્યા હતા તેમજ પારડીના કલસર દમણ તરફ જતા માર્ગ પર અનેક વાહનો પાણી માં ફસાયા હતા જેમાં પારડી પોલીસે વરસાદ માં ઉતરી વાહન ચાલકો ને પાણી માં નહીં જવા માટે રોકાયા હતા અને તેઓની કામગીરી ને લોકો એ બીરદાવી હતી

પારડી પાલિકા સીઓ કોમલબેન નગરપાલિકાના પ્રમુખ ચેતન નાયકા, કારોબારી અધ્યક્ષ ચેતન ભંડારી, અશોક પ્રજાપતી ધુવિન ભંડારી લાલજી યાદવ, શ્રેયસ પારેખ, બિપીન પટેલ, નાસિર શેખ, અને તમામ ચૂંટાયેલા ૨૮ સભ્યો તથા સ્થાનિક લોકોએ સાથે મળીને સતત જહેમત ઉઠાવી છે. પાણી ઉતારવાની કામગીરી સાથે સાથે અસરગ્રસ્ત લોકોને સહાય પહોંચાડવામાં આવી રહી છે.

અસરગ્રસ્ત વિસ્તારોમાં જેમના ઘરોમાં પાણી ભરાયા છે તેવા લોકોને પાવભાજી, બિસ્કિટ, પીવાનું ચોખ્ખું પાણી અને અન્ય જીવનજરૂરી ખાદ્ય સામગ્રીના પેકેટ્સ ઘરે-ઘરે પહોંચાડવામાં આવ્યા છે. ૨ થી 4 ફૂટ જેટલા પાણી ભરાયેલા વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવાની સૂચના આપવામાં આવી છે. નગરપાલિકાના હોલમાં અસરગ્રસ્તો માટે રહેવા અને સુવાની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. સ્થાનિક રહીશો અને સ્થાનિક નેતાઓએ નગરપાલિકા તંત્રની આ તાત્કાલિક અને પ્રશંસનીય રાહત કામગીરીની સરાહના કરી છે. તંત્રે નાગરિકોને કોઈપણ પ્રકારનો ગભરાટ ન રાખવા અને કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા અપીલ કરી છે તેમજ પારડી ટુકવાડાના પોશ ગણાતા કરોડો રૂપિયાના અવધ બંગલા માં પાર્ક કરેલ કારો પાણી માં ડૂબી ગયા હતા પરંતુ પાણી નો નિકાલ ન થતા રહીશો ચિંતા માં ડૂબ્યા હતા. પારડી ટુકવાડાના પોશ ગણાતા કરોડો રૂપિયાના અવધ બંગલા માં પાર્ક કરેલ કારો પાણી માં ડૂબી ગયેલનો વિડિઓ વાયરલ થયો હતો.તેમજ પારડીના કલસર દમણ તરફ જતા માર્ગ પર અનેક વાહનો પાણી માં ફસાયા હતા

# ભારે વરસાદના પગલે વલસાડ થંભી ગયું

**વલસાડ** જિલ્લામાં અતિ ભારે વરસાદને પગલે 474 માર્ગ અને વિવિધ પુલો ઉપર આવાગમન બંધ કરાયું

**ગ્રામીણ** વિસ્તારો સહિતની એસ.ટી. સેવાને બંધ કરી દેવાઈ

**કપરાડા** તાલુકામાં ડુંગરો ધસી પડતાં આંતરિક માર્ગો પણ બંધ

વલસાડઃ વલસાડ જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી પડી રહેલા ભારે વરસાદના કારણે વલસાડ જિલ્લાના 474 માર્ગો અને મહત્તમ પુલો ને માર્ગ મકાન વીભાગે સલામતીના કારણે બંધ કરાતા અને એસ.ટી સેવા પણ બંધ થતા લોકોની આવાગમન બંધ થતા વલસાડ શહેર અને જિલ્લો જાણે થંભી ગયો હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. દૂધના ટેમ્પો આવી ન શકતા શહેરમાં દૂધની તંગી સર્જાઈ હતી.વલસાડ શહેરના છીપવાડ,દાણા બજાર,ગ્રીન પાર્ક વિસ્તાર,તરીયાવાડ સહિતના વિસ્તારોમાં જળ બંબાકાર પરિસ્થિતિ સર્જાઈ છે.અનેકવિધ વિસ્તારોમાં પાણીમાં ફસાયેલા લોકોનું રેસ્કયું કરાયું હતું. છીપવાડ વિસ્તારમાં એક ગર્ભવતી મહિલાને સમસ્યા ઊભી થતા બોટ વડે તેને લાવી 108માં હોસ્પિટલ લઈ જવાઈ હતી.

### પોલીસ જવાનો જ દેવદૂત બન્યા

શહેરભરમાં માત્ર અને માત્ર પોલીસ જવાનોજ દેવદૂત બન્યા... વલસાડમાં આવેલા પૂર માં લોકોને દરિયાથી નદીઓથી ,કે પાણી ભરાયેલા સ્થળેથી લોકોને દૂર કરવા ,પોલીસ 24 કલાક ફરજ બજાવી રહી છે.વલસાડમાં પાણીમાં ફસાયેલા લોકોને રેસ કયું કામમાં પોલીસ વરસતા વરસાદ વચ્ચે એક સરખી કામગીરી કરી હતી.

### કલેક્ટર નીતિન સાંગવાનની 24 કલાક પરિસ્થિતિ ઉપર નજર

જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન 24 કલાક પરિસ્થિતિ ઉપર નજર રાખી રહ્યા છે, અતિભારે વરસાદ વચ્ચે વલસાડ જિલ્લામાં દિવસ-રાત રાહત અને બચાવ અભિયાન ચાલી રહ્યું છે.એનડીઆરએફ ,પોલીસ,સહિતની ટીમ દ્વારા જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાંથી 500થી વધુ લોકોનું સફળ રેસ્ક્યૂ કરાયું હતું.

### રાજ્ય સરકારે 10 અધિકારીઓને મોકલ્યા

તમામ અધિકારીઓએ તાત્કાલિક અસરથી વલસાડ જિલ્લા કલેક્ટરને રિપોર્ટ કરી પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરીની જવાબદારી સંભાળી લેવાની રહેશે. રાજ્ય સરકાર દ્વારા વધારાના વહીવટી અધિકારીઓની નિમણૂક અને એનડીઆરએફની વધારાની ટીમોની ફાળવણીથી વલસાડ જિલ્લામાં રાહત, બચાવ અને પુનર્વસન કામગીરીને વધુ વેગ મળશે અને અસરગ્રસ્ત લોકોને ઝડપી સહાય ઉપલબ્ધ થઈ શકશે.


### જાહેર નોટીસ કમ જાહેર ચેતવણી

મોજે તેલાડા, તા. જી. નવસારી મુકામે આવેલ ખેડ ખાતાની જુની શરત વાળી ખેતીની જમીન સબંધે જાહેર નોટીશ આથી જાહેર જનતાને જણાવવાનું કે, નીચે જણાવેલ ખેતીની જમીનનાં હમારા સંયુક્ત નામે ઈબ્રાહીમ મુસા પાલ્યા વિગેરેનાં નાઓની સંયુક્ત ખાતેદારોની અને સંપૂર્ણ માલીકી કબજામાં ચાલી આવેલ ખેતીની જમીન રાબંધે નોટીસ આપવાની કે,મોજે ડીસ્ટ્રીકટ નવસારીના સબ ડીસ્ટ્રીકટ નવસારીનાં તેલાડા ગામે બ્લોક/સર્વે નં.૩, ૧૧૮, ૧૨૧, ૧૭૧, ૨૨૭, ૨૫૫, ૨૭૯, ૩૨૯ ખાતા નં.૨૭ થી ખેતીની જમીન ચાલી આવેલ છે.

સદર ખેતીની જમીનમાં હમો નોટીસ આપનારાઓનુ સંયુક્ત માલીકી હકકે નામ ચાલી આવેલ છે. જે મીલક્તમાં હમો નોટીસ આપનારા તથા હમારા વડીલોએ મહામહેનતે જમીન સમતળ કરી ખેતી યોગ્ય બનાવી હાલમાં ખેતી કરી રહેલા છે અને હાલમાં મીલકતનાં ભાવો આસમાને હોય જેથી કેટલાંક લે-ભાગુ ઈસમોએ હમારી મીલકત સસ્તા ભાવે પડાવી લેવા માટે કૃત્યો આરંભેલા છે અને બીજા ખાતેદારોને પણ ભડકાવી અને ઉશ્કેરી હમારી મીલકત પડાવી લેવા માટે પડયંત્રો રચી રહેલા છે. જેથી હમોએ આ નોટીશ રૂએ જાહેર જનતાને તાકીદ કરવાની કે, ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની જમીનમાં હમારા તથા હમારા પરીવારનાં નામો ચાલી આવેલ હોય જે વડીલો પાર્જીત મીલકત હોય જેથી હમારો સદરહું તમામ જમીનોમાં વારસાઈ હડકે લાગ-ભાગ-હકક હિસ્સો ચાલી આવેલ છે. જે જમીનો બાબતે કોઈપણ ઈસમ, સંસ્થા, પેઢી કે બેંક અને કંપનીએ હમારી પરવાનગી વગર કોઈપણ પ્રકારનો વ્યવહાર, લખાણ, સાટાખત-બાનાખત, વેચાણ દસ્તાવેજ, મોરગેજ ડીડ કે અન્ય કોઈપણ મીલકત હસ્તાંતરણને લગતા લખાણો કરવા નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી. આમ, કોઈપણ વ્યકિત, સંસ્થા, પેઢી કે બેંક અથવા કંપની હમારી પરવાનગી વગર કોઈપણ લખાણ કરશે કે મીલકત હસ્તાંતરનાં કૃત્યો કરશે તો તેમના વિરૂધ્ધ હમારે નાછુટકે અને નાઈલાજે કાયદેસરનાં પગલાં ભરવા પડશે. જેની સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ: નવસારી
તા. ૨૩-૦૭-૨૦૨૬

ઈબ્રાહીમ મુસા પાલ્યા
રહે. મુ.પો. તેલાડા, વ્હોરવાડ, તા. જી. નવસારી. મો. ૮૨૦૦૧૧૯૮૦૮